**અમદાવાદ (ગ્રામ્ય) ના ૮માં એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ**

---

**ફોજદારી કેસ નં. ૧૨૩૯૩/૨૦૨૨**
**આંકઃ ૯**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઓઃ ૧) કાળાજી સ/ઓ દાજીજી નાથાજી ઠાકોર વિગેરે ૩

**<u>ગુન્હોઃ જુગાર ધારા ની કલમ- ૧૨ મુજબ</u>**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે આ કામના આરોપીઓએ પૈસા-પાનાથી હારજીતનો જુગાર રમી ગુન્હો કરેલ હોય, આરોપી વિરૂદ્ધ ગુન્હાની ફરિયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં જુગાર ધારા ની કલમ- ૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઇ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીને જુગારધારાની કલમ ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તક્ષિરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે, કુટુંબ કબીલાવાળા માણસ છે, કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે, ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહિ કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઇ રેકર્ડ રજૂ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે તેમજ કુટુંબની જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપને ઘ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહિં કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધરવાની તક આપવી જોઇએ. આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ તેમજ આરોપીની રજુઆત ઘ્યાને લીતા, આરોપીની વિરૂદ્ધ આ

પ્રથમ પ્રકારનો હોય, ન્યાયનાં હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂ.૧૦૦/– (રૂપિયા એકસો પૂરા) એમ કુલ રુ.૩૦૦/– (અંકે ત્રણસો પૂરા)નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.
મુદ્દામાલનો અપીલ સમય નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
મુદ્દામાલ રોકડ રકમ આરોપીઓએ નો ક્લેઈમ પુરસીસ આપેલ હોઈ સરકાર ખાતે જમા કરવી.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૩ મી માહે, ઓગસ્ટ , ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૩ /૦૮ /૨૦૨૨
અમદાવાદ (ગ્રામ્ય)

( કે.એન.નિમાવત )
૮માં એડી.જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર
જીજે૦૧૫૭૬